ફતેપુરા તાલુકાના પાટવેલ ગામે માળી ફળિયામાં નજીકનો બનાવ

ઓવર સ્પીડે ચલાવતા બાઈક સ્લીપ થયું, ચાલકનુ મોત

પોલીસે અકસ્માતે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે

(પ્રતિનિધી) દાહોદ, તા.18 ફતેપુરા તાલુકાના પાટવેલ ગામે પૂરપાટ દોડી આવતી મોટર સાયકલના ચાલકની ગફલતને કારણે મોટર સાયકલ માળી ફળિયામાં રોડ પર સ્લીપ ખાઈ જતા સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત બનેલા મોટરસાયકલ ચાલકનું સારવાર દરમિયાન હોસ્પિટલમાં મોત નીપજ્યાનું સત્તાવાર રીતે જાણવા મળ્યું છે. પ્રાપ્ત વિગત અનુસાર ફતેપુરા તાલુકાના બારસાલેડા ગામના નાલી ફળિયામાં રહેતા ૨૩ વર્ષીય નિલેશભાઈ વિનોદભાઈ ચારેલ તેના કબજાની હીરો પેશન પ્રો મોટરસાયકલ પૂર ઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લઈ જતા તેની ગફલતને કારણે મોટરસાયકલ પાટવેલ ગામે માળી ફળિયામાં જાહેર રોડ ઉપર બપોરના સવા વાગ્યાના સુમારે તેની મોટરસાયકલ સ્લીપ ખાઈ જતા રોડ પર મોટરસાયકલ સાથે ઘસડાતા નિલેશભાઈ વિનોદભાઈ ચારેલને મોઢાના ભાગે ડાબી આંખની બાજુમાં તેમજ ખભાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ થતા તેને સારવાર માટે તાત્કાલિક ફતેપુરા સરકારી દવાખાને ખસેડવામાં આવ્યો હતો જ્યાં તેનું સારવાર દરમિયાન ગઈકાલે મોત નીપજ્યું હતું.

આ સંબંધે મરણ જનાર નિલેશભાઈ ચારેલના પિતા વિનોદભાઈ સરદારભાઈ ચારેલે ફતેપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આ મામલે ફેટલનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

ઉલ્લેખનીય છે કે અકસ્માતમાં મૃત્યુ પામનારા યુવકના પરિવારજનોને બનાવની જાણ થતાંની સાથે ઘરના સભ્યોમાં શોકનો માહોલ છવાયો હતો અને સમગ્ર પંથકમાં ઘેરા શોકની લાગણી સાથે અરેરાટી પણ વ્યાપી જવા પામી હતી.

માલિકે પોલીસ મથકે ફરિયાદ નોંધાવી

ફતેપુરી ગામે ઘર આંગણે પાર્ક કરેલી બાઈકની ચોરી

ચોરીના બનાવો વધતા લોકોમાં ફફડાટ વ્યાપી ગયો છે

(પ્રતિનિધી) કાલોલ, તા.18 કાલોલ તાલુકાના ફતેપુરી મંદિર ફળિયામાં ઘર આંગણે લોક કરીને પાર્ક કરેલી મોટરસાઈકલ અજાણ્યો તસ્કર ચોરી કરી ફરાર થઈ જવાનો બનાવ સામે આવ્યો છે. આ અંગે વાહન માલિકે કાલોલ પોલીસ મથકે અજાણ્યા ચોર ઈસમ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. મળતી માહિતી મુજબ કાલોલ તાલુકાના પલાસા પટલાવગુ ફળિયાના રહીશ ઉમેશભાઈ તખતસિંહ પરમારે નોંધાવેલી ફરિયાદ અનુસાર, તેઓ ગત તારીખ 24/05/2026 ના રોજ પોતાના પરિવાર સાથે મેંધાવ ગામે આવેલા તેમના સાસરી પક્ષના ઘરે પ્રસંગમાં ગયા હતા. ત્યાં તેમણે પોતાની હીરો કંપનીની સ્પ્લેન્ડર પ્લસ મોટરસાઈકલ (રજિસ્ટ્રેશન નંબર: GJ 17 CB 6753, કિંમત રૂ. 20,000/-) ઘરની બાજુમાં લોક કરીને પાર્ક કરી હતી. ત્યારબાદ તારીખ 25/05/2026 ના રોજ સવારે જોતાં ઘર આગળ પાર્ક કરેલી બાઈક મળી આવી ન હતી. આસપાસના વિસ્તારમાં તથા સંબંધીઓને ત્યાં શોધખોળ કરવા છતાં બાઈકની કોઈ ભાળ મળી ન હતી.

કોઈ અજાણ્યો ચોર ઈસમ રાત્રિના સમયે પાર્ક કરેલી મોટરસાઈકલ ચોરી ગયો હોવાનું માલૂમ પડતાં, આખરે કાલોલ પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરાવવામાં આવ્યો છે. કાલોલ પોલીસે B.N.S. ની કલમ 303(2) હેઠળ ગુનો નોંધી કાયદેસરની તપાસ હાથ ધરી છે.

દાહોદ જિલ્લાના ખેડૂતોને વહારે આવ્યા સાંસદ

યુરિયા ખાતરનો જથ્થો ઉપલબ્ધ કરાવવા કૃષિ મંત્રીને રજૂઆત

ચોમાસુ સીઝન ચાલુ હોઇ હાલ ખાતરની તાતી જરૂરિયાત છે જેને ધ્યાને રાખી રજૂઆત કરી

(પ્રતિનિધી) સિંગવડ, તા.18 દાહોદ સાંસદ જશવંતસિંહ ભાભોર દ્વારા યુરિયા ખાતર સમયસર દાહોદ જિલ્લાના ખેડૂતોને ઉપલબ્ધ થાય તેના માટે કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણી અને ઈન્ડિયન ફાર્મસ ફર્ટિલાઈઝર કો ઓ. ના અધ્યક્ષ દિલીપભાઈ સંઘાણી ને પત્ર લખીને દાહોદ જિલ્લાને નવો રેલવે સ્ટેશન રેક પોઈન્ટ મંજૂર કરી ખાતરનો જથ્થો પૂરો પાડવા માટે રજૂઆત કરવામાં આવી હતી.

દાહોદ જિલ્લાના ખેડૂતોને ખેતી માટે યુરિયા ખાતર ની ખૂબ જરૂર

હોય છે અને આ યુરિયા ખાતર સમય પર ખેડૂતને નહીં મળી રહેતા દાહોદ સાંસદ જશવંતસિંહ ભાભોર દ્વારા ગુજરાતના કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણી અને ઈન્ડિયન ફાર્મસ ફર્ટિલાઈઝર કો. ઓ.ના અધ્યક્ષ દિલીપભાઈ સંઘાણીને પત્ર લખીને તાત્કાલિક દાહોદ જિલ્લામા યુરીયા ખાતરનો જથ્થો પૂરતો આપવા માટે પત્ર દ્વારા જાણ કરવામાં આવી હતી જ્યારે ગોધરા રેલવે સ્ટેશન ખાતે રેક લાગે છે અને ત્યાંથી યુરિયા ખાતર દાહોદ જિલ્લામાં સમયસર મળી શકતો નથી તેની જગ્યાએ દાહોદ રેલવે સ્ટેશન ખાતે નવીન ખાતર રેક મંજુર કરવા મા આવે તો દાહોદના ખેડૂતોને યુરિયા ખાતર પણ સમયસર મળી રહે અને સમયસર ખાતરનો સ્ટોક આવી શકે જ્યારે આયાતી યુરીયા ખાતરનો સ્ટોક જુલાઈ મહિનામાં 6,000 મેટ્રિક ટન જથ્થો બાકી રહેલ છે તે પણ ફટાફટ આવે તો ખેડૂતોને તે ખાતર મળી શકે તેના માટે પત્ર લખી રજૂઆત કરવામાં આવી હતી

પોલીસ બેડામાં ચકચાર મચાવતી ઘટના સામે આવી

દાહોદ ટાઉન પોલીસ મથકમાંથી આરોપી પોલીસ કર્મી ફરાર

રાજસ્થાનથી ઝડપાયેલો આરોપી દાહોદ ટાઉન પો.મથકના લોક-અપમાં રખાયો હતો



(પ્રતિનિધી) 456, તા.20 દાહોદમાં પોલીસ બેડામાં ચકચાર મચાવતી ઘટના સામે આવી છે. દાહોદ ટાઉન પોલીસ મથકના લોકઅપમાંથી આરોપી પોલીસ કર્મી ફરાર થઈ જતાં પોલીસ તંત્ર દોડતું થયું છે. મળતી માહિતી મુજબ, અમદાવાદના એક વાહન માલિકે પોતાની ગાડીઓ ભાડે આપ્યા બાદ કટિંગમાં વેચી માર્યાની ફરિયાદ નોંધાવી હતી. આ મામલે ધાનપુર પોલીસ મથકમાં ફરજ બજાવતા એક પોલીસ કર્મી વિરુદ્ધ ગાડીઓ ભાડે લાવી વેચી મારવાનો ગુનો નોંધાયો હતો. ગુનો નોંધાયા બાદ પોલીસે આરોપી પોલીસ કર્મીને રાજસ્થાનમાંથી ઝડપી પાડ્યો હતો અને દાહોદ ટાઉન પોલીસ મથકે લાવી લોકઅપમાં રાખ્યો હતો. દરમિયાન રાત્રિના સમયે આરોપી પોલીસ કર્મીની તબિયત લથડતાં તેને લોકઅપની બહાર લાવવામાં આવ્યો હતો. આ તકનો લાભ લઈ આરોપી પોલીસની નજર ચૂકવી ફરાર થઈ ગયો હોવાનું સામે આવ્યું છે. ઘટનાની જાણ થતાં જ પોલીસ તંત્રમાં દોડધામ મચી ગઈ હતી. ફરાર આરોપીને ઝડપી પાડવા LCB, SOG સહિતની વિવિધ પોલીસ ટીમોને કામે લગાડવામાં આવી છે.

હાલ આરોપીની શોધખોળ માટે પોલીસ દ્વારા ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે. પોલીસ મથકના લોકઅપમાંથી જ આરોપી ફરાર થઈ જતાં સમગ્ર પોલીસ બેડામાં ભારે ચકચાર મચી છે.

સમારોહમાં કાર્યકરો મોટી સંખ્યામાં હાજર રહ્યા

કાલોલમાં ગુરુ રવિદાસ મહારાજની ૬૫૦મી જન્મજયંતિ નિમિત્તે કળશ વિતરણ

(પ્રતિનિધી) કાલોલ, તા.18 સામાજિક સમરસતા અને સમાનતાના સંકલ્પ સાથે સંત શિરોમણી ગુરુ રવિદાસ મહારાજજીની 650મી જન્મજયંતિ નિમિત્તે કાલોલ ખાતે કળશ વિતરણ સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું.

જ્યાં કાલોલ નગરપાલિકા કોમ્યુનિટી હોલ ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં પંચમહાલના સાંસદ રાજપાલસિંહ જાદવ,જિલ્લા પંચાયત પ્રમુખ નીરજકુમાર પટેલ અને ધારાસભ્ય ફતેસિંહ ચૌહાણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેમની સાથે જીલ્લા ભાજપ મહામંત્રી નરેન્દ્રસિંહ ગોહિલ,જિલ્લા કિશાન મોરચાના પ્રમુખ કિરણસિંહ સોલંકી, તાલુકા ભાજપ મંડળના પ્રમુખ મહિદીપસિંહ ગોહિલ, કાલોલ તાલુકા પંચાયત પ્રમુખ જયપાલસિંહ રાઠોડ

અને ઉપપ્રમુખ સંજયસિંહ રાઠોડ, કાલોલ શહેર ભાજપ પ્રમુખ કલ્પેશભાઈ પારેખ, કાલોલ નગરપાલિકાના પ્રમુખ હસમુખભાઈ મકવાણા સહિત મહીલા મોરચાની બહેનો અને હોદ્દેદારો સાથે મોટી સંખ્યામાં કાર્યકરો જોડાયા હતા. સમરસતા સંકલ્પ અભિયાન અંતર્ગત યોજાયેલા આ કાર્યક્રમમાં પવિત્ર માટીથી ભરેલા કળશનું વિતરણ કરવામાં આવ્યું હતું.

સિંગવડમાં ગુરુ રવિદાસજીની 650મી જયંતી: સમરસતાનો સંદેશ

સિંગવડ : સિંગવડ તાલુકાના કબુતરી નદી કિનારે બિરાજમાનમાં ભમરેચી ના સાનિધ્યમાં સંત શિરોમણી ગુરુ રવિદાસજી મહારાજની 650મી જન્મ જયંતી નિમિત્તે સિંગવડ ખાતે ભવ્ય કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં દાહોદ સાંસદ જશવંતસિંહ ભાભોર લીમખેડા ધારાસભ્ય શૈલેશભાઈ ભાભોર વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. જિલ્લા પંચાયત સદસ્યો, તાલુકા પંચાયત સદસ્યો, સિંગવડ તાલુકાના સરપંચો અને ભાજપના કાર્યકર્તાઓ ખૂબ મોટી સંખ્યામાં જોડાયા હતા. જ્યારે કાર્યક્રમની શરૂઆત સંત રવિદાસજી ના ફોટાની પૂજા કરી દીવો પ્રગટાવી શરૂઆત કરવામાં આવી હતી કાર્યક્રમમાં "સમરસતા સંકલ્પ અભિયાન" અંતર્ગત કળશનું વિતરણ કરવામાં આવ્યું.

દાહોદમાં રમતવીરોનુ બહુમાન કરવામાં આવ્યું

(પ્રતિનિધી) દાહોદ, તા.18 દાહોદ ડાયમંડ ક્લબ ના સંકલ્પ સમારોહ અને, ડિસ્ટ્રિક ગવર્નરની આધિકારિક યાત્રા દરમિયાન સમાજ માં પ્રેરણા સ્ત્રોત બનતા સમાજજનો અને રમત ગમત ક્ષેત્રે આંતરરાષ્ટ્રીય અને રાષ્ટ્રીય સ્તરે સમાજ, પરિવાર, ગામ, રાજ્યનું નામ ઉજાગર કરનાર સમાજ સેવકો કે જેઓ વિશિષ્ટ સેવા કાર્ય થી અલગ છાપ ધરાવતા દાહોદ સબ જેલના અધિક્ષક એમ.એલ. ગમારા, નિવૃતિ પામેલ વરિષ્ઠજનોને ક્લેપિંગ થકી શારીરિક ફિટનેસ અપાવતા ક્લેપીંગ ગ્રુપના આયોજક રાજ કુમાર સહેતાઈ, પોતાની નૈતિકતા બતાવી અકસ્માતમાં માતબર રકમ ચૂકવનાર અજયસિંહ પલાસ. મલેશિયા ખાતે યોજાયેલ આંતરરાષ્ટ્રીય તાયેકવૉન્ડો સ્પર્ધા માં બે સિલ્વર અને એક બ્રોન્ઝ મેડલ

મેળવનાર મિસ્બા દિવાન અને ૨૭બી રમત માં રાષ્ટ્રીય સ્તરે ગુજરાત નું પ્રતિનિધિત્વ કરનાર દાહોદ તાલુકા ના આગાવાડા ગામની દીકરીઓ રોશની મિનામા, મનીષા કટારા, કાજલ ભાભોર સર્વેને ડિસ્ટ્રિક ગવર્નર સંસ્કાર કોઠારી, આર.એ.સી, દાહોદ જિલ્લા જે.એમ.રાવલ, સહાયક ગવર્નર ડૉ.રમાકાંત પંડ્યા, ડિસ્ટ્રિક્ટની પ્રથમ મહિલા દિપ્તીબેન કોઠારી,ડો. આરાધના સહાયના હસ્તે પ્રશસ્તિ પત્રો, સ્મૃતિ ભેટ આપી બહુમાન કરાયું હતું.

ક્લેક્ટર DDO સહિત SP સહીત મદદનીશ કમિશનરને આવેદન

સંજેલીમા બોગસ ST પ્રમાણપત્ર કૌભાંડ અંગે ઉગ્ર રજૂઆત

નકલી દાખલો બનાવી સરકારી નોકરીઓ, સરપંચ, તલાટીથી લઈને કોન્સ્ટેબલના પદ મેળવ્યા

(પ્રતિનિધી) દાહોદ, તા.18 દાહોદ જિલ્લાના આદિવાસીઓમાં રોષ: જિલ્લા કલેકટર વિડીયો સહિત એસપી મદદનીશ કમિશનરને આવેદન આપી તટસ્થ અને જીનવટ રીતે તપાસ કરી કાર્યવાહી કરવાની માન સાથે આદિવાસી પરિવાર દ્વારા બાયો ચડાવી જિલ્લા કલેકટર કચેરીઓ માં આવેદન. 15 દિવસનું એન્ટી મેટલ કાર્યવાહી ન થાય તો આંદોલન કરવાની પણ ફરજ પડશે તેવા એધાણ જોવાઈ રહ્યા છે. બોગસ સર્ટીફીકેટ પ્રમાણપત્રો પર શૈક્ષણિક પ્રવેશ સરકારી નોકરીઓ તેમજ રાજકીય હોદ્દાઓ કડપ આદિવાસીઓના હક્કો પર ડાકો! જેવા અનેક કોભાંડના આક્ષેપો થતા સ્થાનિકથી લઈ ગાંધીનગર સુધી તરફની ચર્ચાએ જોર પકડ્યું. અસલી કે નકલીનો પડદાફાસ્ટ કોણ કરશે? એ તો આવનારા પંદર દિવસમાં જ ખબર પડશે? આ કૌભાંડ ગાંધીનગર અખબાર ભવન માંથી યુવરાજસિંહ દાવા સાથે આક્ષેપ બાદ દાહોદ જિલ્લાના આદિવાસીઓ દ્વારા સ્થાનિક જિલ્લા અને કચેરીઓમાં આવેદન આપી કાર્યવાહીની માંગ કરવામાં આવી.

દાહોદ તાલુકા બે માસ અગાઉ થયેલી બે ઘરફોડ ચોરીઓની ફરિયાદ નોંધાઈ

(પ્રતિનિધી) દાહોદ, તા.18 ગત જુન માસમાં દાહોદ તાલુકાના કતવારા પોલીસ વિસ્તારમાં રહેતા અને નોકરી કરતા ૪૩ વર્ષીય હરેશકુમાર શકરાભાઈ રાઠોડ તેના ઘરના આગળ પાછળના દરવાજા બંધ કરી ઘરના આંગણામાં પરિવારજનો સાથે સુઈ ગયા હતા અને રાત્રિના દોઢેક વાગ્યા ના સુમારે તેઓ એકી પાણી કરવા ઊઠી ઘરની પાછળ ગયા હતા તે વખતે તસ્કરો એ તેમના ઘરની પાછળ ની દીવાલમાં બાકોરુ પાડી બાકોરા વાટે તસ્કરો ઘરમાં પ્રવેશ્યા હતા અને ઘરમાં મૂકી રાખેલ લોખંડની તિજોરીનો દરવાજો ખોલી અંદર મુકેલ રૂપિયા ૮૨,૩૫૦/-ની કુલ કિંમતના જુના ચાંદીના અલગ અલગ દરના દાગીના તથા ૧,૦૨,૧૫૦/-ની કિંમતના અલગ અલગ દરના સોનાના જુદા જુદા દાગીના મળી કુલ રૂપિયા ૧,૮૪,૫૦૦/-ની કિંમતના સોના-ચાંદીના દાગીના ચોરી લઈ તસ્કરો ફરાર થઈ ગયાની ફરિયાદ કતવારા પોલીસ સ્ટેશનમાં ગઈકાલે નોંધાયાનું જાણવા મળ્યું છે.

કાલોલ-પીગળી ગામ નજીક પોલીસનો સપાટો

બે કારમાંથી ૧૩.૨૧ લાખના દારૂ સાથે ૩ની અટકાયત કરાઈ

(પ્રતિનિધી) કાલોલ, તા.18 કાલોલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ હાઈવે રોડ પર પિંગળી ગામ નજીક પોલીસે બાતમીના આધારે દરોડો પાડી વિદેશી દારૂનો મોટો જથ્થો ઝડપી પાડ્યો છે. આ કામગીરી દરમિયાન પોલીસે બે કાર અને દારૂ મળી રૂ. ૧૩.૨૧ લાખથી વધુનો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

કાલોલ પોલીસ સ્ટેશનના પીઆઈ આર ડી ભરવાડને ચોક્કસ બાતમી મળી હતી કે એક સફેદ કલરની i20 કાર (નં. GJ-06-PM-6285) અને એક કાળા કલરની i20 કાર (નં. GJ-20-AH-1512) માં ભારતીય બનાવટનો વિદેશી દારૂ ભરીને મધ્યપ્રદેશ તરફથી વડોદરા તરફ જઈ રહ્યા છે. બાતમીના આધારે પોલીસે દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ હાઈવે પર પિંગળી ગામ નજીક નાકાબંધી કરી વોચ ગોઠવી હતી. વોચ દરમિયાન બંને શંકાસ્પદ કાર આવી પહોંચતા પોલીસે

તેને કોર્ડન કરીને રોકી હતી. કારની તપાસ કરતા અંદરથી કટન પ્રાઇડ વિસ્કી, લેમન ફ્લેવર્ડ વોડકા, રોયલ સ્ટેગ વિસ્કી અને કિંગફિશર બીયરની કુલ ૩૮ પેટીઓ જેમાં કુલ ૧૫૧૨ બોટલો મળી આવી હતી. ઝડપાયેલ આરોપીઓ: 1. સોહિલભાઈ રફીકભાઈ શેખ (રહે.BSUP આવાસ, કાન્હા એપાર્ટમેન્ટ સામે વડોદરા) 2. સાહિલભાઈ રફીકભાઈ શેખ (રહે. BSUP આવાસ, કાન્હા એપાર્ટમેન્ટ સામે વડોદરા) 3. નૌશાદઅલી સાજીદભાઈ ગરાસિયા (રહે. એકતા નગર ભાથીજી મંદિર પાસે વડોદરા, મૂળ ખંભાતનો સમાવેશ થાય છે. પોલીસે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

વિદ્યાર્થીઓના જીવ બચાવવા તાળા માર્યા

સિંગવડ તાલુકાની મંડેર (રં) પ્રાથમિક શાળાના ૨ ઓરડા જર્જરિત

શાળાના ઓરડા જર્જરિત છે" એવા બોર્ડ લગાવ્યા, તાત્કાલિક નવા ઓરડા મંજૂર કરવાની માંગ

(પ્રતિનિધી) સિંગવડ, તા.18 સિંગવડ તાલુકાના મંડેર (રં) પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ મુશ્કેલીમાં મુકાયા છે. શાળાના 2 ઓરડા જર્જરિત હાલતમાં છે. આ જર્જરીત ઓરડામાં છતમાં તિરાડો પડી ગઈ છે અને વરસાદ માં છત પરથી પાણી ટપકે છે. દિવાલો પણ જગ્યા-જગ્યાએથી ફાટી ગઈ છે. જેના કારણે વિદ્યાર્થીઓ અને શિક્ષકોની સુરક્ષા જોખમાઈ રહી છે. શાળા તંત્ર દ્વારા સાવચેતીના ભાગરૂપે આ બંને જર્જરિત ઓરડાઓ ને તાળા મારી દેવામાં આવ્યા છે જ્યારે બહાર "આ ઓરડાઓ જર્જરિત છે"

તેવા બોર્ડ લગાવવામાં આવ્યા છે જેથી કોઈ વિદ્યાર્થી અંદર ન જઈ શકે. શાળામાં ધોરણ 1 થી 8 સુધીનું શિક્ષણ ચાલે છે અને વિદ્યાર્થીઓની સંખ્યા પણ વધારે હોવાથી શાળામાં 6 ઓરડાની ઘટ છે. ઓરડા ઓછા હોવાથી એક જ ઓરડામાં 2 થી 3 ધોરણના બાળકોને બેસાડવા પડે છે. શાળામાં મોટી સંખ્યામાં બાળકો અભ્યાસ કરે છે. પરંતુ ઓરડાની હાલત ખરાબ હોવાથી વાલીઓ પણ ચિંતામાં છે. અનેક વખત રજૂઆત કરવા છતાં તંત્ર દ્વારા કોઈ નક્કર પગલાં લેવામાં આવ્યા નથી. ગ્રામજનો અને વાલીઓ દ્વારા દાહોદ પ્રાથમિક જિલ્લા અધિકારી તથા જિલ્લા વિકાસ અધિકારી ને પણ રજૂઆત કરવામાં આવી છે અને નવી 6 ઓરડા મંજૂર કરવાની માંગ કરી છે કે તંત્ર દ્વારા તાત્કાલિક ધોરણે 6 નવા ઓરડા બનાવવામાં આવે જેથી બાળકો સુરક્ષિત રીતે અભ્યાસ કરી શકે. જ્યારે આવા વરસાદ ના વાતાવરણમાં બાળકોને બેસાડવા માટે જગ્યા નથી

લાયન્સ ક્લબ ઓફ દાહોદ સિટી દ્વારા બ્લાઈન્ડ વેલફેર કાઉન્સિલ ખાતે વિદ્યાર્થી સન્માન

(પ્રતિનિધી) દાહોદ, તા.18 લાયન્સ ક્લબ ઈન્ટરનેશનલ ડિસ્ટ્રિક્ટ 32 32 એફ વન રિજયન ચાર અને ઝોન 2 માં આવેલી લાયન્સ ક્લબ ઓફ સીટી દ્વારા 80 માં સ્વતંત્ર દિવસની ઉજવણી બ્લાઈન્ડ વેલફેર કાઉન્સિલ ખાતે પ્રમુખ લાયન કમલેશ લીમ્બાચીયા ના હસ્તે ધ્વજવંદન કરી કરવામાં આવી હતી. આ સાથે રેડિયો અવાજ દાહોદ દ્વારા વાંચન સ્પર્ધા ના વિજેતા વિદ્યાર્થીઓને સન્માનિત કરવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓમાં વાંચવાની ટેવ વિકસે એ શુભ આશયથી સ્પર્ધા નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં દાહોદની વિવિધ શાળાઓના 50થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. રેકોર્ડિંગ 20 થી 25 જુલાઈ દરમિયાન રાખવામાં આવ્યું હતું. જેમાં વિજેતા વિદ્યાર્થીઓને 15 મી ઓગસ્ટ સ્વતંત્ર દિવસે બ્લાઈન્ડ વેલફેર કાઉન્સિલ ખાતે પ્રથમ રસીદા બોરકી ધોરણ સાત બુરહાની ઇંગ્લીશ મીડીયમ સ્કૂલ દ્વિતીય અમતુલ્લા ગુલગુલા ધોરણ આઠ લીટર ફ્લાવર સ્કૂલ, તૃતીય આર્યા ખપેડ ધોરણ છ શ્રી શ્રી રવિશંકર સ્કૂલ, ચોથા નંબર જુમાના નાયા ધોરણ આઠ બુરહાની ઈંગ્લિશ સ્કૂલ , પાંચમો નંબર વિશાખા ડોડીયાર ધોરણ આઠ ઠક્કરબાપા સ્કૂલ ને સર્ટિફિકેટ અને ગિફ્ટ આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા.

જાહેર નોટીસ અરજદાર તરફે વિ.વ.શ્રી

એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર ગરબાડાની કોર્ટમાં

કેસ નં.: ૭૬૮/૨૦૨૬ તા.: ૦૬/૦૮/૨૦૨૬

અરજદાર: પરમાર રાજેશભાઈ જવાભાઈ
રહે. ઝરીબુઝર્ગ તા. ગરબાડા, જિ. દાહોદ
સામાવાળા: તલાટી કમ મંત્રીશ્રી, ઝરીબુઝર્ગ, તા. ગરબાડા, જિ. દાહોદ

જન્મ મરણ અધિનિયમ કલમ: ૧૩(૩) મુજબની જન્મની નોંધણી કરવા બાબત.

આથી તમામ લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે, અત્રેની કોર્ટના અરજદારશ્રી પરમાર રાજેશભાઈ જવાભાઈ પુત્ર નામે પરમાર અનિલકુમાર રાજેશભાઈનો જન્મ તા. ૨૩/૦૩/૨૦૦૩ના રોજ ગામ ઝરીબુઝર્ગ, તા. ગરબાડા, જિ. દાહોદ મુકામે તેઓના નિવાસ સ્થાને થયેલ છે, જે અરજી અને સોગંદનામાથી જાહેર કરેલ છે. અરજદારના પુત્રના જન્મ થયેલ ત્યારે અરજદાર દ્વારા જન્મની નોંધણી તલાટી કમ મંત્રીશ્રી, ઝરીબુઝર્ગ, તા. ગરબાડા, જિ. દાહોદના જન્મ મરણ નોંધણી રજીસ્ટરમાં નોંધ કરાવેલ નથી. તેથી સદરહુ અરજદારને તેમની પુત્રના જન્મના દાખલાની જરૂરિયાત હોઈ અરજદારે જન્મ મરણ અધિનિયમની કલમ નં: ૧૩(૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરની અરજી દાખલ કરેલ છે. જેથી ઉપરોક્ત બાબતે લાગતાં વળગતા જે કોઈ ઈસમનો વાંધો, વિરોધ કે તકરાર હોય તો તેઓએ દિન ૧૫ (પંદર) માં કે પહેલાં જાતે કે વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોક્ત અરજી બાબતે નામદાર કોર્ટ દ્વારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો.

તારીખ: ૦૬/૦૮/૨૦૨૬
સ્થળ: ગરબાડા
એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર, ગરબાડા

જાહેર નોટીસ અરજદાર તરફે વિ.વ.શ્રી

એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર ગરબાડાની કોર્ટમાં

કેસ.નં. ૭૩૮/૨૦૨૬ તા. ૧૩/૦૬/૨૦૨૬

અરજદાર: હઠીલા મહેશભાઈ ભારતસીંહ
સરનામુ: રહે. ગરબાડા, તા. ગરબાડા, જી. દાહોદ
સામાવાળા: તલાટી કમ મંત્રીશ્રી, ગરબાડા, તા. ગરબાડા, જી. દાહોદ

જન્મ મરણ અધિનિયમ કલમ: ૧૩(૩) મુજબની જન્મની નોંધણી કરવા બાબત.

આથી તમામ લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે, અત્રેની કોર્ટના અરજદારશ્રી હઠીલા મહેશભાઈ ભારતસીંહ ના પુત્ર હઠીલા દિવ્યાંગકુમાર મહેશભાઈનો જન્મ તા. ૧૯/૦૬/૨૦૦૬ ના રોજ ગામ. ગરબાડા, તા. ગરબાડા, જી. દાહોદ મુકામે તેઓના નિવાસ સ્થાને થયેલ છે, જે અરજી અને સોગંદનામાથી જાહેર કરેલ છે. અરજદારના પુત્રનો જન્મ થયેલ ત્યારે અરજદાર દ્વારા જન્મની નોંધણી તલાટી કમ મંત્રીશ્રી, ગરબાડા, તા. ગરબાડા, જી. દાહોદ ના જન્મ મરણ નોંધણી રજીસ્ટરમાં નોંધ કરાવેલ નથી. તેથી સદરહુ અરજદારને તેમના પુત્રના જન્મના દાખલાની જરૂરિયાત હોઈ અરજદારે જન્મ મરણ અધિનિયમની કલમ નં: ૧૩(૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરની અરજી દાખલ કરેલ છે.જેથી ઉપરોક્ત બાબતે લાગતાં વળગતા જે કોઈ ઈસમને વાંધો, વિરોધ કે તકરાર હોય તો તેઓએ દિન ૧૫ (પંદર) માં કે પહેલા જાતે કે વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોક્ત અરજી બાબતે નામદાર કોર્ટ દ્વારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો.

તારીખ: ૧૩/૦૬/૨૦૨૬
સ્થળ: ગરબાડા
એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર, ગરબાડા

જાહેર નોટીસ અરજદાર તરફે વિ.વ.શ્રી,

એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર ગરબાડાની કોર્ટમાં

કેસ.નં. ૩૨૨/૨૦૨૫ તા. ૩૦/૦૭/૨૦૨૬

અરજદાર: ખરાડ રાકેશભાઇ નગરાભાઇ
સરનામુ: રહે. પાટીયા, તા. ગરબાડા, જી. દાહોદ
સામાવાળા: તલાટી કમ મંત્રીશ્રી, પાટીયા, તા. ગરબાડા, જી. દાહોદ

જન્મ મરણ અધિનિયમ કલમ: ૧૩(૩) મુજબની જન્મની નોંધણી કરવા બાબત.

આથી તમામ લાગતા વળગતા ઇસમોને જણાવવામાં આવે છે કે, અત્રેની કોર્ટના અરજદારશ્રી ખરાડ રાકેશભાઇ નગરાભાઇના પુત્રી નામે ખરાડ ઠિશવંશી રાકેશભાઇનો જન્મ તા. ૧૫/૦૬/૨૦૨૦ ના રોજ ગામ: પાટીયા, તા. ગરબાડા, જી. દાહોદ મુકામે તેઓના નિવાસ સ્થાને થયેલ છે, જે અરજી અને સોગંદનામાંથી જાહેર કરેલ છે. અરજદારના પુત્રીનો જન્મ થયેલ ત્યારે અરજદાર દ્વારા જન્મની નોંધણી તલાટી કમ મંત્રીશ્રી, પાટીયા, તા. ગરબાડા, જી. દાહોદ ના જન્મ મરણ નોંધણી રજીસ્ટરમાં નોંધ કરાવેલ નથી. તેથી સદરહુ અરજદારને તેમના પુત્રીના જન્મના દાખલાની જરૂરિયાત હોઇ અરજદારે જન્મ મરણ અધિનિયમની કલમ નં: ૧૩(૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરની અરજી દાખલ કરેલ છે. જેથી ઉપરોક્ત બાબતે લાગતાં વળગતા જે કોઈ ઈસમને વાંધો, વિરોધ કે તકરાર હોય તો તેઓએ